ગુમાનદેવ નજીક ડમ્પર, કાર અને બાઈક વચ્ચે અકસ્માત, 2 ઘાયલ

વિનોદ વસાવા

ઝઘડિયા: ઝઘડિયાના ગુમાનદેવ નજીક ડમ્પર, કાર અને બાઈક વચ્ચે ટ્રિપલ અકસ્માતની ઘટના સામે આવી હતી, જેમાં બાઈકસવાર 2 લોકો ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, SOUને જોડતા મુખ્ય માર્ગ પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. તો બીજી તરફ આવા અકસ્માતો જીવલેણ પણ બનતા હોય છે. ત્યારે હાલ તો અહીંના SOU માર્ગ પર બેફામ દોડતાં વાહનો સામે પોલીસ લાલ આંખ કરી કડક કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઊઠી છે.

વ્યાજમાં ફસાયેલી સુગર મિલો વ્યારા સુગરને 2-2 કરોડ આપે તો સભાસદો નારાજ થાય એવી સ્થિતિ

બે હપ્તા પેટે ટન દીઠ 1800 ચૂકવી દેવામાં આવ્યા બાદ 1000 રૂપિયા ચૂકવવાના બાકી

તમામ સુગરમિલોમાં ભાજપના નેતાઓનો જ વહીવટ!

અગાઉ તાપી જિલ્લાની જ દાદરિયા સુગર ફેક્ટરી ખાનગી હાથોમાં જતા અટકાવવા માટે સુરત જિલ્લાની જ 5 સુગર મિલોએ રોકાણ કરી તેને કોપર સુગરના નામે પુનઃ શરૂ કરી હતી. પરંતુ આજે વર્ષો બાદ પણ કોપર સુગરમાંથી રોકાણ કરનાર સુગર મિલોને સભાસદોને કોઈ વળતર કે લાભ મળતો નથી. આ મુદ્દે સુગર મિલોની સાધારણ સભાઓમાં પણ પ્રશ્નો ઊઠતા આવ્યા છે. ત્યારે જો વ્યારા સુગરને મદદ કરવામાં આવે તો ખેડૂત સભાસદોનો રોષ ભભૂકી ઊઠે તેવી સંભાવના છે. તમામ સુગરમિલોમાં ભાજપના નેતાઓનો જ વહીવટ છે. ત્યારે એક તરફ પક્ષનો આદેશ અને બીજી તરફ સભાસદોની નારાજગી સંચાલકો માટે સૂડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ સર્જી છે.

બારડોલીઃ સુરત જિલ્લાની સુગર ફેક્ટરીઓને ત્રીજા હપ્તાનાં નાણાં ચૂકવવામાં તાણ પડતી હોય તેવા સમયે વ્યારા સુગર ફેક્ટરીએ 2-2 કરોડ રૂપિયાની માંગ કરતાં સુગર મિલ સંચાલકોમાં અંદરોઅંદર વિરોધ જોવા મળી રહ્યો છે. પરંતુ તમામ સંચાલકો ભાજપના જ હોય કોઈ ખૂલીને સામે આવી શકતા નથી. ત્યારે સંચાલકોની હાલત 'મા મને કોઠીમાંથી કાઢ' જેવી થઈ ગઈ છે.

ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી (વ્યારા સુગર) બંધ રહી ગયા બાદ ગુજરાત સરકાર દ્વારા કસ્ટોડિયન કમિટીની રચના કરી સુમુલ ડેરીના ચેરમેન માનસિંહ પટેલની આગેવાનીમાં તેને સજીવન કરવામાં આવી છે. આદિવાસીઓના હિતના નામે પુનઃ શરૂ કરવામાં આવેલી આ સુગર ફેક્ટરીની જવાબદારી સુરત જિલ્લાની તમામ સુગર મિલન પ્રમુખોને કમિટી મેમ્બરના રૂપમાં સોંપવામાં આવી છે. ગત સિઝનમાં સુગર ફેક્ટરી દ્વારા અંદાજિત 1.27 લાખ મેટ્રિક ટન શેરડીનું પિલાણ કરવામાં આવ્યું હતું. સુગર ફેક્ટરી ખોટમાં હોવા છતાં સંચાલકોએ શેરડીનો ટનદીઠ ભાવ 2800 રૂપિયા પ્રતિ ટન જાહેર કરવામાં આવ્યો હતો. જેના બે હપ્તા પેટે ટન દીઠ 1800 ચૂકવી દેવામાં આવ્યા બાદ 1000 રૂપિયા ચૂકવવા બાકી છે. પરંતુ હજાર રૂપિયાની ચૂકવણી માટે વ્યારા સુગર ફેક્ટરીને 12.78 કરોડ રૂપિયાની જરૂર છે. આ જરૂરિયાત પૂરી કરવા માટે સુરત જિલ્લાની સુગર મિલો પાસે હાથ લંબાવવામાં આવ્યો છે. સુગર મિલોને પત્ર લખી 2 કરોડ રૂપિયાની માંગ કરવામાં આવી છે. આ પત્ર આવતા જ સુગર મિલોના સંચાલકો મૂંઝવણમાં મુકાઈ ગયા છે. અપવાદરૂપ એકાદ-બે સુગર ફેક્ટરીને બાદ કરતાં મોટાભાગની મિલોએ ત્રીજો હપ્તો ચૂકવવા માટે ઓવરડ્રાફ્ટ લેવાની ફરજ પડી રહી છે. જેને કારણે સુગર મિલો પહેલાથી જ વ્યાજના ભારણ નીચે છે. ત્યારે વ્યારા સુગર ફેક્ટરી તરફથી થયેલી માંગણી સંતોષવા કઈ રીતે આયોજન કરવું તે બાબતો સંચાલકો માટે વિચાર માંગી લેતો પ્રશ્ન બન્યો છે. વ્યારા સુગર ફેક્ટરી 2800 રૂપિયા ભાવ આપી શકે એમ ન હોવા છતાં નાછૂટકે ભાવ જાહેર કરી હવે બીજી સુગર મિલો પાસે મદદ માંગતાં સુગરના વહીવટદારો સામે પણ પ્રશ્ન ઊભો થયો છે.

તરસાડીના નગરજનોની સુવિધા માટે જિલ્લા કલેક્ટર, ડીડીઓ અને મુખ્યમંત્રીને રજૂઆત

તરસાડી નગરપાલિકાનું ગાડું ઈનચાર્જ ચીફ ઓફિસરથી ગબડાવાતાં લોકોની સુવિધા ટલ્લે

લાંબા સમયથી મહત્ત્વની જગ્યા ખાલી, ઈનચાર્જ ચીફ ઓફિસર પાસે અન્ય પાલિકાનો ચાર્જ હોવાથી રેગ્યુલર આવી શકતા નથી અને કામો વિલંબમાં ધકેલાતા હોવાની ફરિયાદ

ઈબ્રાહિમ કાનુ

હથોડાઃ લાંબા સમયથી તરસાડી નગરપાલિકામાં ઇન્ચાર્જ ઓફિસરથી ગાડું ગબડાવવામાં આવે છે, જેથી કાયમી ચીફ ઓફિસરની નિમણૂક કરવા સુરત જિલ્લા કલેક્ટર, મુખ્યમંત્રીને લેખિતમાં ફરિયાદ સાથે માંગ કરવામાં આવી છે.

તરસાડીના શાલીમાર પાર્ક ખાતે રહેતા જાગૃત નાગરિક બળવંતભાઈ ઈશ્વરભાઈ પંચાલે સુરત જિલ્લા કલેક્ટર, સુરત જિલ્લા વિકાસ અધિકારી અને મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી જણાવ્યું છે કે માંગરોળ તાલુકામાં તરસાડી એકમાત્ર નગરપાલિકા છે. તરસાડી નગરપાલિકાનો વિસ્તાર ઘણો મોટો છે. અગાઉ નગરપાલિકામાં કાયમી ચીફ ઓફિસર હતા. પરંતુ ઘણા સમયથી ખાલી પડેલી આ જગ્યા પર કાયમી ચીફ ઓફિસરની નિમણૂકને બદલે પ્રણવ ચૌધરીને લાંબા સમયથી ચાર્જ આપવામાં આવ્યો છે. પ્રણવ ચૌધરીને સુરત જિલ્લામાં અન્ય એક નગરપાલિકાનો પણ ચાર્જ આપવામાં આવેલ છે, જેથી તરસાડી નગરપાલિકામાં તેઓ નિયમિત હાજર રહી શકતા નથી. ઘણી વખત તેઓ પાલિકામાં નહીં આવતા જાહેર જનતાને હેરાનગતિ ભોગવવી પડે છે અને જનતાના મહત્વના કામોમાં પણ વિલંબ થાય છે.

ઉપરાંત ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે નગરપાલિકામાં કાયમી ચીફ ઓફિસરની નિમણૂક કરવામાં આવે અને સમયસર પાલિકામાં હાજર રહે તો તરસાડી નગરપાલિકા હદ વિસ્તારના ગટર લાઈન. ફિલ્ટર પાણી લાઇનના કામ, નિયમિત સફાઈના કામો તેમજ અધૂરા પ્રોજેક્ટના કામો પણ પૂરા થાય. જેથી આ તમામ પરિબળોને જોતા તરસાડી નગરપાલિકામાં કાયમી ચીફ ઓફિસરની તાકીદે નિમણૂક કરવા માંગ કરવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

અંદાડા ગામે મકાનનું તાળું તોડી રૂ.1.90 લાખની ચોરી

અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામની તુલસી વિલા સોસાયટીમાં રહેતા લતાબેન મોહીતકુમાર પરમાર પોતાની સાસુની તબિયત સારી ન હોવાથી 3/૧૦/૨૦૨૪ના રોજ પોતાના મકાનના દરવાજાને તાળુ મારી ભરૂચ ગયા હતા. 10-10-2024ના રોજ તેમના પાડોશીનો ફોન આવ્યો હતો કે તમારા ઘરનું તાળુ તૂટેલી હાલતમાં છે, જેથી લતાબેન પોતાના પતિ સાથે અંદાડા દોડી આવ્યા હતા અને ઘરમાં જોતા તિજોરીમાં તમામ સામાન વેરવિખેર હાલતમાં પડેલો હતો. તેઓએ તપાસ કરતા તેમાંથી સોનાના દાગીના કીમત રૂ.1,20,000 તથા રોકડા રૂપિયા 70,000 ગાયબ જણાયા હતા. 10મીની રાત્રી દરમ્યાન અજાણ્યા તસ્કરોએ તેમના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશી તિજોરી તોડી તેમાંથી સોના ચાંદીના દાગીના, રોકડ રકમ મળી કુલ રૂ. 1.90 લાખની મતાની ચોરીને અંજામ આપ્યો હતો. બનાવ અંગે તેમણે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ડોગ સ્કવોર્ડ, એફ.એસ. એલ.ની મદદ મેળવી તસ્કરોનું પગેરું શોધવાની કવાયત હાથ ધરી હતી.

આંધ્રપ્રદેશની કાર કોસંબા નજીક પલટી ગઈ

ઈબ્રાહિમ કાનુ

હથોડાઃ આંધ્રપ્રદેશથી ફરવા નીકળેલા પ્રવાસીઓની કાર કોસંબા નજીક ધામણોદ હાઇવે પર ડિવાઇડર સાથે અથડાયા બાદ પલટી મારી ગઈ હતી. આ બનાવમાં બે જણાને સામાન્ય ઇજા થતાં અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. સદનસીબે તમામનો બચાવ થયો હતો. ઘટનાની જાણ થતાં સુરત જિલ્લા ટ્રાફિક પોલીસે ઘટના સ્થળે પહોંચી અસરકારક કામગીરી હાથ ધરી હતી.

ભરૂચના નર્મદા મૈયા બ્રિજ પર પ્રતિબંધ છતાં ટ્રક બેરોકટોક બિનધાસ્ત પસાર થઈ ગઈ!

ભરૂચઃ ભરૂચ-અંકલેશ્વરને જોડતા નર્મદા મૈયા બ્રિજ પર ભારે વાહનોની પ્રવેશબંધીનું જાહેરનામું માત્ર કાગળ પુરતું મર્યાદિત રહી ગયું હોય તેવું લાગી રહ્યું છે. બ્રિજ પર અકસ્માતોની વધતી સંખ્યાના કારણે ભારે વાહનો માટે પ્રવેશબંધી ફરમાવાઈ છે, છતાં બ્રિજ પરથી ભારે વાહનો બિન્દાસ્ત પસાર થઈ રહ્યા છે. બ્રિજની બન્ને તરફ પોલીસ પોઈન્ટ હોવા છતાં ભારે વાહનો કઈ રીતે પસાર થાય છે તે પ્રશ્ન ઉભો થયો છે. ગત રાત્રે નર્મદા મૈયા બ્રિજ પરથી ટ્રક પસાર થતી હોવાનો ફોટો સામે આવ્યો છે, ત્યારે પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઊભા થયા છે. નર્મદા મૈયા બ્રિજ પરથી અવારનવાર ભારે વાહનો પસાર થાય છે, જે અકસ્માતને આમંત્રણ આપે છે. ત્યારે તંત્રના જાહેરનામાનો કડક અમલ કરાવાય તે અત્યંત જરૂરી છે.

અંકલેશ્વરમાં મેગા મેરેથોન દોડ યોજાશે

અંકલેશ્વરઃ અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીઅલ ડેવલોપમેન્ટ સોસાયટીના ઉપક્રમે આગામી ડિસેમ્બર માસમાં મેગા મેરેથોન દોડનું આયોજન હાથ ધરાયું છે, જેમાં 3000થી વધુ દોડવીર ભાગ લેશે. આગામી તા.8 ડિસેમ્બરે યોજનારી એશિયન પેઇન્ટ મેરેથોન દોડના આયોજન અંગે મંગળવારે યોજાયેલી પત્રકાર પરિષદમાં વિસ્તૃત માહિતી આયોજકો દ્વારા આપવામાં આવી હતી. આ મેરેથોન દોડ 3, 5, 10, અને 21 કિ.મી. એમ ચાર કેટેગરીમાં યોજાશે. આ વર્ષે સિનિયર સિટિઝન માટે પણ અલાયદી કેટેગરી ઊભી કરવામાં આવી છે. પ્રત્યેક કેટેગરીના વિજેતાઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાશે. મેરેથોન દોડના રૂટ ઉપર દોડવીરોને પ્રોત્સાહિત કરવા મ્યુઝિક હબ, હેલ્થ ડ્રિન્ક, ફર્સ્ટ એઇડ સહિતનાં કાઉન્ટરો ઊભા કરાશે. સ્પોર્ટ્સ ફોર સસ્ટેનબિલિટી એ થિમ અંતર્ગત યોજાનારી આ મેરેથોન માટે ઓનલાઇન રજિસ્ટ્રેશનની સુવિધા ઊભી કરવામાં આવી છે.

ટેબ ક્લિનિક 23 વર્ષથી સુરતમાં સાંધા સ્નાયુઓના હઠીલા રોગ આયુર્વેદિક પદ્ધતિથી મટાડી રહી છે

સુરતઃ સાંધા સ્નાયુઓના કોઈ પણ પ્રકારના હઠીલા રોગમાં દર્દીને સંપુર્ણ રીતે સાજા કરીને 100% શુદ્ધ આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરતી સુરતમાં નાનપુરા, બહુમાળી બિલ્ડિંગની સામે જલનિધી કોમ્પ્લેક્ષમાં 103-104માં ચાલતી ટેબ ક્લિનિક સુરતમાં દર્દીઓમાં જાણીતી બની છે.

વાના દર્દીને ધીરે-ધીરે સાંધા અને સ્નાયુઓમાં જકડાહટ આવવાનું શરૂ થાય છે અને અસહ્ય દુઃખાવા સાથે સોજા આવવા લાગે છે અને સાંધાઓની વચ્ચેનું પ્રવાહી સુકાવા લાગે છે ત્યારે કટ-કટ અવાજ આવવાનું શરૂ થાય છે.

ગાદીના ઘસારા તેમજ ligaments બરડ થવાના કારણે સાંધા પૂરે પુરા વળી શકતા નથી. આથી દર્દીનું હલન ચલન, વધુ વખત ઉભા રહેવાનું, દાદર ચડવા- ઉતરવાનું, વાંકા વળવાનું, વજન ઉંચકવાનું તથા અન્ય દૈનિક ક્રિયાઓ મુશ્કેલ થવા લાગે છે. મણકાનો ગેપ ઓછો થવાથી નસ દબાય છે. આથી ચકકર આવવા, ખાલી ચડવી, ચપ્પલ પગમાંથી નીકળી જવા, ચાલતા-ચાલતા પડી જવાનો ડર લાગવો, ગાદી પર ચાલતા હોવાની અનુભૂતિ થવી વ. જ્ઞાનતંતુને લગતી તકલીફો વધવા લાગે છે. ટેબ કિલનીકસના ઉપચાર 100% શુધ્ધ આયુર્વેદિક અને FDA દ્વારા પ્રમાણિત છે. આ ઔષધિ માત્ર દર્દ મટાડવાના બદલે સાંધા ઓને અંદરથી repair અને regenerate કરે છે.

સારવાર પુરી થયા પછી દર્દી જમીન પર, પલાંઠી વાળીને અને ઉભડક બેસી શકે છે, દાદર ચડ-ઉતર કરી શકે છે અને પોતાનું દરેક કામ સ્વતંત્રપણે જાતે કરી શકે છે. ટેબ કિલનીકસ સપ્તાહના સાતેય દિવસ સવારે ૧૦,૦૦ વાગ્યા થી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી અને રવિવારે પણ રાબેતા મુજબ ખુલ્લુ રહે છે.

વ્યારા તળાવ નજીક ટ્રેન અડફેટે એકનું મોત

વ્યારાઃ વ્યારા તળાવ નજીકથી પસાર થતી રેલવે લાઇન ક્રોસ કરતા 40 વર્ષીય અર્જુનભાઈ પાવર ટ્રેનની અડફેટે આવી જતાં તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવને લઈ રેલવે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

ભચરવાડા તેલીબિયાં સહકારી મંડળીના સંચાલકો ત્રણ નોટિસને ઘોળીને પી ગયા

વર્ષ-2019થી ખાતર વેચાણની રૂ.12 લાખની રકમ મંડળી પાસે બાકી હતી

નર્મદા જિલ્લા રજિસ્ટ્રારની નોટિસની વારંવાર અવગણના થતાં અંતે કલેક્ટરને રજૂઆત

ભચરવાડા ગામમાં જઈ સ્થળ તપાસ કરો, ચોપડા જપ્ત કરી ખેડૂતોના જવાબ લોઃ ડિરેક્ટર જગદીશ પટેલ

ભચરવાડા તેલીબીયાં મંડળીનાં બાકી નાણાં મામલે ખ.વે. સંઘના ડિરેક્ટર જગદીશ પટેલે તેમની રજૂઆતમાં જણાવ્યું છે કે, ભચરવાડા ગામમાં જઈ સ્થળ તપાસ કરો. મંડળીના હિસાબી ચોપડા જપ્ત કરો. ખેડૂતોને ખાતર મળ્યું છે કે કેમ તેના જવાબ લો અને અંગૂઠાનાં નિશાન લીધાં છે કે કેમ? તેની પણ તપાસ કરો. જો ઝીણવટભરી તટસ્થ તપાસ થશે તો ઘણી ચોંકાવનારી હકીકત બહાર આવશે. કારણ કે, જે રીતે ભચરવાડા દૂધ ઉત્પાદક મંડળીના દોઢ કરોડ રૂપિયાના કૌભાંડમાં દૂધમંડળીના ચેરમેન દિનેશ શિવલાલ પટેલ વિરુદ્ધ તપાસ અહેવાલ થયો છે એ જ દિનેશ પટેલ તેલીબિયાં મંડળીના પણ સર્વેસર્વા છે. ત્યારે લોકલાગણી છે કે કલેક્ટર નર્મદા આ મામલે તટસ્થ, ઘનિષ્ઠ અને પારદર્શક તપાસ કરાવે.

રાજપીપળાઃ રાજપીપળાથી ચાર કિમી દૂર આવેલા ભચરવાડા ગામની તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી વિરુદ્ધ બાકી નાણાં મામલે જિલ્લા રજિસ્ટ્રારે આપેલી ત્રણ ત્રણ નોટિસને મંડળી સંચાલકોએ નહીં ગણકારતા સંચાલકો વિરુદ્ધ જિલ્લા રજિસ્ટ્રારે કોઈ કાર્યવાહી નહીં કરતા જાગૃત ખેડૂતે કલેક્ટર નર્મદાને રજૂઆત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા જિલ્લા સહકાર વિભાગમાં ચાલતી લાલિયાવાડી અને મીલીભગતના બહાર આવેલા ચોંકાવનારા કિસ્સા મુજબ ભચરવાડા તેલીબિયાં ઉત્પાદક મંડળીએ વર્ષ-2019માં ખરીદ વેચાણ સંઘ પાસેથી ખરીદેલા ખાતરનાં બાકી નાણાં વર્ષ-2024 સુધી પણ વ્યાજ સહિત ચૂકતે નહીં કરતાં ખરીદ વેચાણ સંઘના ડિરેક્ટર જગદીશભાઈ પટેલે જિલ્લા રજિસ્ટ્રારને લેખિત ફરિયાદ કરતાં જિલ્લા રજિસ્ટ્રારે તેલીબિયાં ઉત્પાદક મંડળીને તા.13/3/24ના રોજ નોટિસ ફટકારી સુનાવણી માટે હિસાબી ચોપડા સાથે હાજર રહેવા જણાવ્યું હતું. પરંતુ મંડળી સંચાલકોએ કોઈ પ્રતિભાવ આપ્યો ન હતો. ત્યારબાદ જિલ્લા રજિસ્ટ્રારે તા.22/5/2024 તેમજ તા.13/9/2024ના રોજ એમ પુનઃ બે નોટિસ ફટકારી, જેમાં મંડળી સંચાલકો વિરુદ્ધ ઉચાપત અને છ વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો ઉલ્લેખ હતો. છતાં પણ મંડળી તરફથી કોઈ હાજર ન રહેતાં અને હિસાબી ચોપડા પણ રજૂ કર્યા ન હતા. છતાં પણ જિલ્લા રજિસ્ટ્રારે કૂણું વલણ અપનાવી મંડળી વિરુદ્ધ કોઈ કાર્યવાહી ન કરતાં અને સહકારી કાયદાના ધજાગરા ઉડાડતા ભચરવાડા મંડળીના સર્વેસર્વા ચેરમેન દિનેશ પટેલને જિલ્લા રજિસ્ટ્રાર છાવરી રહ્યા હોવાથી જગદીશ પટેલે કલેક્ટર નર્મદાને રજૂઆત કરી છે. ત્યારે હવે કલેક્ટર નર્મદા શું કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું.

મહિલાને વિડીયો કોલ કરી હેરાન કરનાર ચાવજનો શખ્સ ઝડપાયો

ભરૂચઃ એક ફરિયાદી વ્યક્તિની જાણ બહાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટનો પાસવર્ડ એક શખ્સે ચોરીછૂપી મેળવી ખોટી રીતે ઉપયોગ કરતો હતો. સાઈબર ચાંચીયા શખ્સ ફરિયાદીની પત્નીને વિડીયો કોલ કરી પરેશાન કરતો હતો. એક તબક્કે આ પરિવારને માનસિક હેરાનગતિથી લગ્નજીવનમાં ભંગાણના પ્રયાસ થતાં ભરૂચ સાયબર પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાને ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના PI વી.બી. બારડ તેમજ PSI એલ.બી.સૈનીએ ખૂબ જ ગંભીરતાથી લઈ તલસ્પર્શી તપાસ આદરી હતી. પોલીસે સોશિયલ મીડિયા સાઈટ ઈન્સ્ટાગ્રામ એપમાં એકાઉન્ટ માહિતી મેળવી ટેક્નિકલ એનાલિસિસ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે મુદ્દે હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આરોપી પીયુષભાઈ પ્રવીણભાઈ પ્રજાપતિ (રહે.,પ્રજાપતિ ફળિયું, ચાવજ) સુધી પોલીસ પહોંચી સઘન પૂછપરછમાં ભાંગી પડ્યો હતો. સાયબર પોલીસે તેની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ભરૂચ હાઈવે પર HCL એસિડ ભરેલું ટેન્કર લીકેજ થતાં અફડાતફડી સર્જાઈ

ઝાડેશ્વર બ્રિજ નજીકની ઘટના, અકસ્માત બાદ ટેન્કર લીકેજ થયું હતું

પાંચેક કલાકની જહેમત બાદ સ્થિતિ પર કાબૂ મેળવાયો, જાનહાનિ ટળતાં રાહત

ભરૂચઃ ભરૂચ નેશનલ હાઈવે નંબર-48 પર રાત્રીના HCL એસિડ ભરેલા ટેન્કરને અકસ્માત નડ્યો હતો. એસિડ લીકેજ થતાં જ ભરૂચ નગરપાલિકા ફાયર બ્રિગેડની ટીમોએ સ્થળ પર દોડી આવી 4 ફાયર ટેન્ડરની મદદથી 4થી 5 કલાકની ભારે જહેમત બાદ પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી.

ભરૂચના નેશનલ હાઈવે નં. 48 પર ઝાડેશ્વર ચોકડી નજીક સોમવારે રાત્રે ગ્રામીસ કેમિકલ કંપનીનું ટેન્કર HCL એસિડ ભરીને બ્રિજ પરથી પસાર થઈ રહ્યું હતું. એ સમયે તેને અકસ્માત નડતા ટેન્કર લીકેજ થયું હતું. ઘટનાની જાણ ભરૂચ નગરપાલિકા ફાયર બ્રિગેડને કરવામાં આવતા તેઓ તાત્કાલિક ટીમ સાથે સ્થળ પર દોડી આવી 4થી 5 ફાયર ટેન્ડરોની મદદથી અંદાજીત 5 કલાકની મદદથી લિકેજની સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનામાં કોઈ જાનહાનિ નહિ થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

Milano MULTIPLEX
બારડોલી
Jigra
10:00 am, 01:00 pm, 04:00pm, 10:00 pm
Vicky Vidya Ka Woh Wala Video
12:00 pm, 06:00 pm, 09:00 pm
Vettaiyan The Hunter
Hindi : 03:00 pm, 07:00 pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

Tapovan events
Artist Managed By Showglitz
આવો તપોવન ભરૂચમાં
શરદ પૂર્ણિમાની ચાંદની રાત્રે ફાલ્ગુની પાઠક સંગાથે
ગરબા રમવા થઈ જાવ તૈયાર ...
Garba Queen
Falguni Pathak
16 Oct. 2024 (SHARAD POONAM)
Time 7:00PM onward
તપોવન સંકુલ, નીલકંઠેશ્વર મહાદેવ રોડ, નર્મદા પાર્કની સામે, ઝાડેશ્વર, ભરુચ.
Online Passes On tapovanevents.com bookmyshow
Offline Passes available at venue
+91 94271 05161 +91 93272 43151

ગ્રાહકોની અતિ લાગણીને માન આપી ઓફર દિવાળી સુધી લંબાવેલ છે
adani WAAREE RAYZON SOLAR TATA
PM SURYA GHAR : MUFT BIJALI YOJANA-2024-25
દિવાળી પહેલા સોલર બુક કરાવો અને મેળવો
90,000/- નો સીધો ફાયદો
તો રાહ કોની જુઓ છો...આજે જ વધુ માહીતી માટે ફોન કરો અને સોલાર રૂફટોપ સિસ્ટમ બુક કરાવી લાઈટબીલ માંથી છુટકારો મેળવો,
શા માટે સોલાર જલારામ એન્ટરપ્રાઈઝ માંથી જ ખરીદો????
અનુભવી સ્ટાફ
નિષ્ણાંત ટીમ
3 દિવસમાં ફીટીંગ
કામ પત્યા પછી સર્વિસની ગેરંટી
બેસ્ટ ક્વોલીટી
બેસ્ટ મટીરીયલ્સ
Free Site Visit માટે આજે જ અમારો સંપર્ક કરો
અમારી નિષ્ણાંત ટીમ આપના ઘરઆંગણે આવી FREE Site Visit કરી જશે...
• 5 વર્ષની ફ્રી સર્વિસ • 3 થી 4 વર્ષમાં સિસ્ટમ વળતર
• 30 વર્ષની સોલાર મોડ્યુલ આઉટપુટ વોરંટી
Sunday Open
JALARAM ENTERPRISE
For More Details Mo. : 97126 12212
3, દિવ્યશીવ કોમ્પલેક્ષ, પ્રકાશપાર્ક, પરમ પોઈન્ટની બાજુમાં શાસ્ત્રીરોડ, બારડોલી.

જાહેર હરાજી

આથી રસ ધરાવતા ઇસમોને જણાવવાનું કે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત કેવડી કુંડ પ્રા. શા.નો ૧ (એક) જર્જરિત ઓરડો તોડવા માટેની જાહેર હરાજી તા. ૨૫/૧૦/૨૦૨૪ ને શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે કેવડીકુંડ પ્રા.શાળામાં રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેનારે ડિપોઝીટ પેટે ૧૦,૦૦૦/-રૂપિયાનો SMC કેવડી કુંડ પ્રા. શાળાના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ અને આઈડી પ્રુફ ની નકલ હરાજી પહેલા જમા કરાવવાની રહેશે.

હરાજીની ફિ ૨૦૦/- રૂ. (નોન રિફંડેબલ રહેશે.)

હરાજીની શરતો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

હરાજી અંગે તમામ સત્તા એસ.એમ.સી. કેવડીકુંડની અબાધિત રહેશે.

કેવડીકુંડ પ્રા. શાળા
તા. માંગરોળ,
જિ. સુરત ૩૯૪૪૩૦

સ્થળ : કેવડી કુંડ પ્રા. શાળા, તા. માંગરોળ, જિ. સુરત ૩૯૪૪૩૦
શાળા વ્યવસ્થાપન સમિતિ કેવડીકુંડ

જાહેર હરાજી નોટિસ

આથી રસધરાવતા ઇસમોને જણાવવાનુ કે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત કંટવાવ પ્રા. શા.ના ૨(બે)જર્જરિત ઓરડા તોડવા માટેની જાહેર હરાજી તા.૨૫/૧૦/૨૦૨૪ને શુક્રવારના રોજ સવારે ૧૧-૩૦ કલાકે કંટવાવ શાળાનાં મકાનમાં રાખવામાં આવેલ છે.હરાજીમાં ભાગ લેનારે ડિપોઝીટ પેટે ૨૦,૦૦૦/- રૂપિયાનો SMC. કંટવાવ NPS ના નામનો રાષ્ટ્રિયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ અને આઇડીપ્રુફની નકલ હરાજી પહેલા જમા કરાવવાની રહેશે.

હરાજીની ફી.૩૦૦/ રૂપિયા(નોંનરીફન્ડેબલ)રહેશે.

હરાજીની શરતો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

હરાજી અંગે તમામ સત્તા એસ.એમ.સી કંટવાવની અબાધિત રહેશે

શાળા વ્યવસ્થાપન સમિતિ કંટવાવ
તા. માંગરોળ, જિ. સુરત ૩૯૪૪૩૦

સ્થળ:-પ્રાથમિક શાળા કંટવાવ
તા.માંગરોળ જિ. સુરત